---

## –: MACP નં.૮૪/૨૦૧૪ ના કામે આંક–૧૬૧ ની અરજી નીચે હુકમ :–

---

**૧.** અરજદારના વિ.વકીલશ્રી ધ્વારા સદર કામે રજૂ કરવામાં આવેલ હાલની આંક–૧૬૧ ની અરજી તથા તે સંલગ્ન દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધી.

**૨.** અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, અરજદાર નં.૧ ના પતિ અમિતભાઈ પટેલ નાઓ તારીખ : ૨૨/૦૬/૨૦૧૨ ના રોજ માર્ગ અકસ્માતમાં મરણ ગયેલા. જેથી સીધીલીટીના વારસદારો તરીકે તેમના પત્ની એટલે કે હાલના અરજદાર નં.૧ પ્રતિક્ષાબેન તે અમિતભાઈ સુમનભાઈ પટેલની વિધવા નાઓએ અત્રેની કોર્ટમાં વળતર અરજી કરેલ હતી અને વળતર અરજી દાખલ કરી તે સમયે અરજદાર નં.૧ નું નામ "**પ્રતિક્ષાબેન અમીતભાઈ પટેલ**" હતુ. ત્યારબાદ તેણીએ પુન: લગ્ન કર્યા બાદ અરજદાર નં.૧ નું નામ "**પ્રતિક્ષાબેન અમીતભાઈ પટેલ**" ના બદલે "**પ્રતિક્ષા વિપુલકુમાર પટેલ**" કરવામાં આવેલ હોવાની હકીકત જણાવેલ છે. સદર અરજી સાથે આંક–૧૬૨ થી અરજદાર નં.૧ નાઓએ તેમના આધાર કાર્ડની નકલ, બેંક પાસબુકની નકલ અને પાનકાર્ડની નકલ રજૂ કરેલ છે. જે વંચાણે લેતા અરજદાર નં.૧ નું નામ "**પ્રતિક્ષા વિપુલકુમાર પટેલ**" હોવાનું જણાઈ આવે છે. જેથી સદર અરજીની હકીકત જોતા હાલની અરજી ન્યાયના હિતમાં મંજૂર કરવા પાત્ર જણાતી હોય, આથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

### –:: હુ ક મ ::–

**૧.** અરજદાર નં.૧ "પ્રતિક્ષાબેન તે અમિતભાઈ સુમનભાઈ પટેલ" ના બદલે "**પ્રતિક્ષાબેન વિપુલકુમાર પટેલ**" કરવા તેમજ તે મુજબ જરૂરી સુધારો વધારો કરવાની અરજી આથી "**મંજૂર**" કરવામાં આવે છે.

૨. અરજદારના વિ.વકીલશ્રીએ અરજીમાં જરૂરી સુધારો દિન–૧૫ માં કરવો.

**હુકમ આજ તારીખ : ૨૩ મી, માહે જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.**

**સહી/–**
**( મહેશકુમાર આર. ઠકકર)**
**ચેરમેન,**
મોટર એકસીડન્ટ કલેઈમ ટ્રીબ્યુનલ અને
ફોર્થ એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ, નવસારી.
કોડ નં–જીજે ૦૦૯૬૩

તારીખ : ૨૩.૦૧.૨૦૨૬.
સ્થળ : નવસારી.